### વડોદરામાં 'સ્વાસ્થ્ય સેવા-રાષ્ટ્ર સેવા'નો મહાકુંભ

# NMOના 45માં રાષ્ટ્રીય અધિવેશનમાં દેશભરના 2500થી વધુ તબીબો ઉમટશે

**21 રાજ્યોના** મેડિકલ-ડેન્ટલ વિદ્યાર્થીઓ અને નિષ્ણાત તબીબો 'One Health' થીમ પર કરશે વિચાર-મંથન



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા આગામી દિવસોમાં દેશના તબીબી જગતના સેવાભાવી ચહેરાઓનું સાક્ષી બનવા જઈ રહી છે. છેલ્લા પાંચ દાયકાથી "સ્વાસ્થ્ય સેવા એ જ રાષ્ટ્ર સેવા"ના મંત્રને ચરિતાર્થ કરતી સંસ્થા નેશનલ મેડિકોઝ ઓર્ગેનાઈઝેશન (NMO) દ્વારા આગામી 21 અને 22 માર્ચ, 2026 દરમિયાન મેડિકલ કોલેજ, બરોડા ખાતે 45માં રાષ્ટ્રીય અધિવેશન 'NMOCON 2026' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. 5 નવેમ્બર 1977ના રોજ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના માધ્યમથી સ્થપાયેલ NMO આજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ભગિની સંસ્થા તરીકે દેશના અંતિમ ગામ સુધી આરોગ્ય સેવા પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરી રહી છે. ભગવાન ધન્વંતરીને આદર્શ માનીને કાર્યરત આ સંસ્થા માત્ર સારવાર જ નહીં, પરંતુ તબીબોમાં રાષ્ટ્રનિષ્ઠા અને ચરિત્ર નિર્માણનું પણ કાર્ય કરે છે. ઉત્તર-પૂર્વ ભારતની 'ધન્વંતરી સેવા યાત્રા' હોય કે જમ્મુ-કાશ્મીરની 'ઋષિ કશ્યપ સ્વાસ્થ્ય સેવા યાત્રા', NMOએ હંમેશા દુર્ગમ વિસ્તારોમાં સેવાની જ્યોત જલાવી રાખવી છે. અધિવેશનનું વિધિવત ઉદ્ઘાટન 21 માર્ચે સાંજે 5:30 કલાકે કરવામાં આવશે.

આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રના અગ્રણી અને NMOના પૂર્વ પ્રાંત સચિવ ડો. પ્રદ્યુમ્નભાઈ વાજા વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. કાર્યક્રમ દરમિયાન સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓને વેગ આપવા માટે 'NMO જર્નલ' અને વિશેષ 'સો બુકલેટ'નું પણ વિમોચન કરવામાં આવશે. કોન્ફરન્સના પ્રારંભ પૂર્વે જનજાગૃતિ ફેલાવવા માટે 'સ્વામી વિવેકાનંદ સ્વસ્થ જીવનશૈલી' પ્રી-કોન્ફરન્સ સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. 19 માર્ચે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' થી આ યાત્રાનો પ્રારંભ થયો છે. 250 જેટલા સાયકલિસ્ટ તબીબો અને વિદ્યાર્થીઓ રાજપીપળા, પોઈચા અને નર્મદા તટના વિસ્તારોમાં ભ્રમણ કરી અંગદાન જાગૃતિ, વ્યસનમુક્તિ અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ ફેલાવી વડોદરા પહોંચશે. આ યાત્રામાં આદરણીય દિલીપ દેશમુખ દાદાજીની પ્રેરક ઉપસ્થિતિ રહી છે.

આ વર્ષની થીમ "Journey toward Oneness in Health - From One Health" હેઠળ વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો યોજાશે. જેમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રના વિશ્વવિખ્યાત નિષ્ણાત ડો. પ્રાંજલ મોદી અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટેશન પર વિશેષ પ્રકાશ પાડશે.

# બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા આંતરરાષ્ટ્રીય ખુશી દિવસની ઉજવણી



(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ નિમિત્તે બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા સ્વર્ગ કોમ્યુનિટી કેર સેન્ટર સાથેના સહયોગમાં વૃદ્ધજનો માટે આનંદમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાઉન્ડેશનની ટીમ અને ઈન્ટર્ન્સે વૃદ્ધજનો સાથે સમય વિતાવી તેમને ખુશ રાખવાનો અને તેમની જૂની યાદોને તાજી કરવાનો પ્રયાસ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન હાસ્ય, આનંદ અને લાગણીસભર વાતાવરણ જોવા મળ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત મજેદાર વાતચીત અને કોમેડી જોક્સ સાથે થઈ, જેમાં ઈન્ટર્ન્સે વૃદ્ધજનોને હસાવ્યા અને સૌએ આનંદ અનુભવ્યો. સૌ સાથે જૂના સુપરહિટ ગીતો ગાઈને પોતાની યાદોને ફરી જીવી ઉઠ્યા.

કાર્યક્રમનો મુખ્ય આકર્ષણ અંતાક્ષરી રહ્યો, જેમાં વૃદ્ધજનો અને ઈન્ટર્ન્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને પેઢીઓ વચ્ચેનો સુંદર જોડાણ જોવા મળ્યો. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યું, જેના કારણે સૌમાં એકતા અને ગૌરવની ભાવના પ્રગટ થઈ.

આ પ્રસંગે ફાઉન્ડર અને ડિરેક્ટર કિન્નરી હરિયાણીએ જણાવ્યું કે, "ખુશી એ એવી લાગણી છે જેને આપણે નાના પ્રયત્નો દ્વારા વહેંચી શકીએ છીએ. વૃદ્ધજનો સાથે સમય વિતાવવો એ માત્ર તેમને આનંદ આપવાનો પ્રયાસ નથી, પરંતુ આપણને જીવનના મૂલ્યો શીખવવાનો એક અવસર પણ છે. બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન હંમેશા આવા માનવીય સંબંધોને મજબૂત બનાવવાના પ્રયત્નોમાં વિશ્વાસ રાખે છે."

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીને અનુલક્ષીને બેઠકનું આયોજન



(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

ભારતીય જનતા પાર્ટી વડોદરા જિલ્લા કાર્યાલય "વંદે કમલમ" ખાતે જિલ્લા પ્રભારીશ્રી ડો. ઋત્વિજભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણી ને અનુલક્ષીને વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જિલ્લા પ્રભારી ઋત્વિજભાઈ પટેલ દ્વારા વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું.

આગામી તાલુકા પંચાયત જિલ્લા પંચાયત સહિતની ચૂંટણીને અનુલક્ષીને આયોજિત કાર્યક્રમમાં જિલ્લાના ચાર ધારા સભ્યો ડભોઈના શૈલેષભાઈ મહેતા કરજણ ના અક્ષય ભાઈ પટેલ વાઘોડિયા ના ધર્મેન્દ્રસિંહ વાઘેલા પાદરાના ચૈતન્ય સિંહ ઝાલા તેમજ જિલ્લાના અધ્યક્ષ ડોક્ટર બી જે બ્રહ્મભટ્ટ, મહામંત્રીઓ સહિત જિલ્લાના અનેક પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોક્ત કાર્યક્રમમાં જિલ્લાના પદાધિકારી ઓને સંગઠિત થઈ કમળના નિશાન વાળા ઉમેદવારોને બહુમતીથી ચૂંટાઈ લાવવા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### નાગરિકોને સુગમ અને કાર્યક્ષમ સેવાઓ ઉપલબ્ધ થશે

# રૂ. 4.12 કરોડનુ ચેરેટી ભવનનું ઉપમુખ્યમંત્રીના હસ્તે થશે લોકાર્પણ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

ગુજરાત સરકારના કાયદા વિભાગ હેઠળ વડોદરા શહેરમાં પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ઓફિસ તથા જોઈન્ટ ચેરીટી કમિશનરની કચેરી માટે આધુનિક સુવિધાઓથી સજ્જ નવી ઈમારતનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ નવનિર્મિત કચેરીનું તા. ૨૧ના રોજ ૧૨.૪૫ વાગ્યે ઉપમુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અને કાયદા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે.

આ કચેરીને જી+૨ માળની રચના સાથે કુલ ૧૨૧૧.૨૧ ચો.મી. વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. ઈમારતમાં ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્કિંગ તથા રિસેપ્શન વિસ્તાર, પ્રથમ માળ પર મદદનીશ ચેરીટી કમિશનરની કચેરી તથા બીજા માળ પર જોઈન્ટ ચેરીટી કમિશનરની કચેરીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. કચેરીઓમાં ઓફિસ રૂમ, કોર્ટ રૂમ, સ્ટાફ રૂમ, રેકોર્ડ રૂમ, વેઈટીંગ એરિયા તેમજ કોન્ફરન્સ રૂમ જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને બિલ્ડિંગમાં જેન્ટ્સ અને લેડીઝ ટોઈલેટ, દિવાનીંગ માટે અલગ ટોઈલેટ, લિફ્ટ, વોટર કૂલર રૂમ તેમજ અન્ય આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઉપરાંત, સમગ્ર કેમ્પસમાં ફાયર સેફ્ટી સિસ્ટમ તથા રેઈન વોટર હાર્વેસ્ટિંગ જેવી આધુનિક વ્યવસ્થાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

## 'યુવા 4 નેચર' અભિયાન હેઠળ પક્ષીઓ માટે સેવાનો સેતુ, ભાજપા દ્વારા 500થી વધુ કુંડાનું વિતરણ




■ માટે વડોદરા શહેર ભારતીય જનતા યુવા મોરચા દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. 'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે સયાજીબાગ ખાતેથી 'Yuva4Nature' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેમાં પક્ષીઓ માટે પાણીના કુંડા વિતરણ કરી પ્રકૃતિ પ્રેમીઓને અનોખો સંદેશ પાઠવવામાં આવ્યો હતો. ભારતીય જનતા પાર્ટીના શહેર અધ્યક્ષ ડો. જયપ્રકાશ સોનીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ પ્રસંગે શહેર મહામંત્રી લકુલીશ ત્રિવેદી, પૂર્વ ડેપ્યુટી મેયર ચિરાગ બારોટ તેમજ યુવા મોરચાના અગ્રણી કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પાદરા એસ.ટી. ડેપોનો વધુ એક સરાહનીય ઉપક્રમ : ત્રણ નવી બસ સેવાનો પ્રારંભ

(પ્રતિનિધિ) પાદરા, તા.20

પાદરા તાલુકાના મુસાફરો, ભક્તજનો અને દૂરદરાજના શહેરોમાં જવા ઈચ્છુક નાગરિકો માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. પાદરા એસ.ટી. ડેપો દ્વારા એક સાથે ત્રણ નવી બસ રૂટનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં પાદરા થી ફાગવેલ વાયા ડાકોર, પાદરા થી રાજકોટ અને પાદરા થી ડીસા રૂટની નવી બસ સેવાઓને ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના હસ્તે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિધિવત પૂજા-અર્ચના સાથે નવા રૂટોની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પાદરા એસ.ટી. ડેપોના અધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ, પાદરા નગર ભાજપ સંગઠનના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# BAPS સ્વામિનારાયણ મહિલા વિભાગ દ્વારા મહિલા દિન સમારોહ

વડોદરા : બોચાસણ વાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા ના મહિલા વિભાગ દ્વારા આવતીકાલે તારીખ ૨૧ માર્ચ શનિવારે બપોરે ૦૩.૩૦ થી ૦૬.૦૦ વાગ્યા દરમિયાન યજ્ઞ પુરુષ સભા ગૃહ અટલાદરા ખાતે નારી શક્તિ ના સત્સંગ, સેવા અને સમર્પણ રૂપી Give to Gain વિષયક કાર્યક્રમ જેમાં બાલિકાઓ ના મુખપાઠ, યુવતીઓના સાંસ્કૃતિક કાર્યક્રમો અને મહિલાઓ દ્વારા વક્તવ્યો ઉપરાંત શહેર ના પ્રતિષ્ઠિત મહિલા મહાનુભાવો ના પ્રેરક ઉદબોધન ને માણવા નો અનેરો અવસર.

# એસ.એસ.જી. હોસ્પિટલમાં જટિલ કેન્સર સર્જરી દ્વારા ગરીબ દર્દીને નવો અવાજ અપાયો

**અમેરિકન** બનાવટના (USA Origin) અત્યાધુનિક વોઈસ પ્રોસ્થેસિસ દ્વારા અન્નનળી જ સ્વરપેટીનું કામ કરવા લાગે છે

(પ્રતિનિધિ) વડોદરા તા.20

સયાજી હોસ્પિટલના ઓન્કોસર્જરી વિભાગ દ્વારા ગળાના કેન્સરના દર્દી પર 'ટોટલ લેરીન્જેક્ટમી' અને 'TE પ્રોસ્થેસિસ' ની જટિલ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી છે. આ ઓપરેશન ઓન્કોસર્જન ડો. નિસર્ગ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની સર્જિકલ કુશળતાને કારણે કેન્સર દૂર કરવાની સાથે અમેરિકન બનાવટના (USA Origin) અત્યાધુનિક વોઈસ પ્રોસ્થેસિસને સફળતાપૂર્વક બેસાડી શકાયું છે. આ ટેકનોલોજી દ્વારા અન્નનળી જ સ્વરપેટીનું કામ કરવા લાગે છે, જેનાથી દર્દી ફરીથી બોલી શકશે.

"આ સર્જરીમાં અમે અમેરિકન બનાવટના (USA Origin) અત્યાધુનિક વોઈસ પ્રોસ્થેસિસનો ઉપયોગ કર્યો છે, જે વિશ્વભરમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. કેન્સરને કારણે સ્વરપેટી દૂર કરવાથી દર્દી પોતાનો અવાજ ગુમાવે છે. તેને પાછો મેળવવા માટે, અમે શ્વાસની નળી અને અન્નનળી વચ્ચે આ ખાસ સિલિકોન વાલ્વ બેસાડીએ છીએ.

અમેરિકામાં વિકસિત આ ટેકનોલોજી હવાને અન્નનળીમાં મોકલીને અવાજ ઉત્પન્ન કરવામાં મદદ કરે છે, સાથે જ તે ખોરાકને ફેફસાંમાં જતો અટકાવે છે. આવી આંતરરાષ્ટ્રીય સ્તરની ટેકનોલોજી સરકારી હોસ્પિટલમાં ઉપલબ્ધ કરાવીને અમે સુનિશ્ચિત કરીએ છીએ કે ગરીબ દર્દીઓને પણ વિશ્વસ્તરીય સારવાર મળે." ડો. નિસર્ગ શાહ.

આ જટિલ કામગીરીમાં ડો.રંજન ઐયર સુપ્રિટેન્ડન્ટ એસએચજી, ડો. શિવાંગ અને ડો. એન. જે. શાહના નેતૃત્વ હેઠળના જનરલ સર્જરી વિભાગ તેમજ ડો. દિવ્યા માથુરની એનેસ્થેસિયા ટીમનો પણ મહત્વનો ક્લિનિકલ સહયોગ પ્રાપ્ત થયો હતો.


[એપેન્ડીક્સ - IV-A] [નિયમ 8 (6)ને 9 (1) સાથે વાંચતા જોગવાઈ જુઓ]

**સ્થાવર મિલકતની ઈ-હરાજી માટે જાહેર વેચાણ નોટિસ**

**એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

સીઆઈએન: U67100MH2007PLC174759

રજિસ્ટર્ડ ઓફિસ: એડલવાઇસ હાઉસ, પહેલો માળ, ઓફ સીએસટી રોડ, કાલિના, મુંબઈ-400098

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટ્રસ્ટ એક્ટ, 2002 (SARFAESI એક્ટ, 2002) ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના (નિયમ) નિયમ 8 (6) અને 9 (1)ની જોગવાઈઓ સાથે વાંચતા ગીરે મૂકાયેલી સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજીની વેચાણ નોટિસ

નીચે દર્શાવેલ વિવિધ વેચાણ સંસ્થાઓની નાણાકીય સુવિધાઓ (હવે પછી 'અસાઈનર' તરીકે ઓળખવામાં આવશે) એડલવેસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને તેની ક્ષમતામાં વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટીઓ તરીકે અસાઈન કરવામાં આવી છે જે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઇનમેન્ટના અનુસંધાનમાં, EARC એ અસાઇનરના રૂપમાં સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે EARC, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટના 13(4) અને તેના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સિક્યોર્ડ મિલ્કતનો કબજો લીધો હતો.

30 દિવસની નોટિસ આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઋણ લેનાર, સહ-ઉધાર લેનાર અને બાંયધરી આપનાર(ઓ) ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર સિક્યોર્ડ અસ્કયામતો સિક્યોર્ડ ક્રેડિટરની તરફેણમાં ગીરો છે જેનો ભૌતિક કબજો સિક્યોર્ડ ક્રેડિટરના અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે અને તેને વ્યાજ સાથે EARCને લેવાની નીકળતી નીચે દર્શાવેલ રકમની વસૂલાત માટે, "એઝ ઈઝ વ્હેર ઈઝ", "એઝ ઈઝ વ્હોટ ઈઝ", અને "વ્હોટેવર ધેઅર ઈઝ" આધારે વેચવામાં આવશે. અને EARC દ્વારા ઋણ લેનાર અને બાંયધરી આપનાર પાસેથી પુનઃપ્રાપ્ત કરાયેલા કોઈપણ નાણાંને કાપી તેના પર આગળનું વ્યાજ અને અન્ય ખર્ચ/લાગત સાથેની કુલ રકમને વસુલવા આ વેચાણ કરાશે. દરેક પ્રોપર્ટી માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે દર્શાવેલ છે.

**ઈ-હરાજી માટે મુકાયેલ સુરક્ષિત મિલકતની વિગત :**

| લોન એકાઉન્ટ નંબર / વેચાણ કરતી સંસ્થા | ઉધારકર્તા / સહ-ઉધારકર્તા / જામીનદાર / ગીરોદારનું નામ | ટ્રસ્ટનું નામ | 18-03-2026 ના રોજ કુલ બાકી રકમ (રૂપિયામાં) | રિઝર્વ પ્રાઇસ (રૂપિયામાં) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (રૂપિયામાં) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| HL/0222/H/19/100008, HL/0222/H/17/100137/ પૂનાવાલા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ | 1. ધામેચા અશ્વિનભાઈ એચ. (ઉધારકર્તા) 2. ધામેચા અમિતાબેન અશ્વિનભાઈ (સહ-ઉધારકર્તા) | EARC Trust SC 489 | રૂ. 20,38,802.45 | રૂ. 3,00,000/- | રૂ. 30,000/- | 23-04-2026 બપોરે 01:00 વાગ્યે | વાસ્તવિક |

મિલકતનું વર્ણનઃ મોજે ગામઃ કરમસદ, આણંદમાં આવેલી બિન-ખેતીની જમીનનો પ્લોટ, જેનો C.S. No. 1711 છે, જેનું ક્ષેત્રફળ 54.16.26 Sq. Mtrs. છે. તે પૈકી ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનો પૈકી કરમસદ મ્યુનિસિપલ નં. 281 પૈકીની દુકાન નં. 4, જે પૂર્વ-પશ્ચિમ દિશામાં 2.90 Sq. Mtrs. અને ઉત્તર-દક્ષિણ દિશામાં 1.75 Sq. Mtrs. માપ ધરાવે છે, જેનું કુલ ક્ષેત્રફળ 5.075 Sq. Mtrs. થાય છે. આ મિલકત રજીસ્ટ્રેશન જિલ્લો અને પેટા-જિલ્લો આણંદ, જિલ્લો આણંદ હેઠળ આવેલી છે.

**હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્વની માહિતી:**

| | | |
|---|---|---|
| 1. | ઈએમડી ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) 'EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT'ના ફેવરમાં અને પેબેલ એટ મુંબઈ હોવા જોઈએ | |
| 2. | RTGS મારફતે ઈએમડીની ચુકવણી 'EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT'ના - એકાઉન્ટ નં. 000405158602, બેન્કનું નામઃ ICICI Bank Ltd., IFSC કોડઃ IFSC ICIC0000004. | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના 1 દિવસ પહેલા પ્રાપ્ત થાય |
| 4. | બિડ્સ સબમિશન માટેનું સ્થળ | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કાલીના, મુંબઈ-400098 |
| 5. | હરાજીનું સ્થળ (ઓક્શન માટેની વેબ સાઈટ) | ઈ-ઓક્શન (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક કરવા માટેનો ટોલ ફ્રી નંબર | 1800 266 6540 |
| 7. | મિલકતનું નિરીક્ષણની તારીખ અને સમય | અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી |

વેચાણની વિગતો અને શરતો માટે, કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.in પર જવું.

તારીખઃ 21-3-2026 (અધિકૃત અધિકારી)

સ્થળઃ મુંબઈ એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ માટે

Edelweiss Asset Reconstruction



यूको बैंक UCO BANK (भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
सम्मान आपके विश्वास का Honours Your Trust

મીડ કોર્પોરેટ શાખા : ૧૪/૧૭, અર્થ કોમ્પ્લેક્ષ, જુના પાદરા રોડ, અક્ષર ચોક રોડ, અક્ષર ચોક, અકોટા, વડોદરા, ગુજરાત-૩૯૦૦૦૭.

**પઝેશન નોટિસ**

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર યુકો બેંક, મીડ કોર્પોરેટ અક્ષર ચોક શાખા, વડોદરા ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સહિત કલમ ૧૩(૧૨), ૧૩(૨) અંતર્ગત તા. ૧૨.૦૧.૨૦૨૬ ના રોજ શ્રી માલીક માસુમ S/o મોહમદ સફી તોહીદુર આર માલીક અને શ્રીમતી સબીના માલીક (સહ-અરજદાર)ને ડીમાન્ડ નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની ૬૦ દિવસોની અંદર રૂા. ૪૮,૦૦,૦૨૯.૮૦/- (રૂા. અડતાલીસ લાખ ઓગણત્રીસ અને એંસી પૈસા પુરા) તા. ૨૮.૦૯.૨૦૨૫ (તા. ૩૧.૦૫.૨૦૨૫ થી ચડત વ્યાજ) થી ચડત વ્યાજ, કોસ્ટ વગેરે સાથે ચુકવવા જણાવેલ.

ઉધારકર્તાઓને ઉપરોક્ત સંપૂર્ણ રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ (૪) ના ઉક્ત નિયમો હેઠળના નિયમ ૮ અંતર્ગત મળેલ સત્તાની રૂએ નીચે સહી કરનારે તા. ૧૭.૦૩.૨૦૨૬ ના રોજ નીચે જણાવેલ મિલકતનો સાંકેતિક કબજો લઈ લીધો છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર યુકો બેંક, મીડ કોર્પોરેટ અક્ષર ચોક શાખા, વડોદરા ની રકમ રૂા. ૪૮,૦૦,૦૨૯.૮૦/- (રૂા. અડતાલીસ લાખ ઓગણત્રીસ અને એંસી પૈસા પુરા) તા. ૨૮.૦૯.૨૦૨૫ (તા. ૩૧.૦૫.૨૦૨૫ સુધીના વ્યાજ સહિત) ના રોજ થી ચડત વ્યાજ વગેરે સાથે ના બોજા સહિત રહેશે. (૧૩(૨)ની ડિમાન્ડ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં ઉધારકર્તાઓનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતનું વર્ણન**

જે મિલકતનો ઘર નં. બી-૧૦૭, ગોકુલ ટાઉનશીપ, પ્લોટનો એરીયા ૭૪.૩૪ સ્કે.મીટર અને અવિભાજીત કોમન પ્લોટ અન રોડ એરીયા ૪૧.૪૨ સ્કે.મીટર, બિલ્ટ અપ એરીયા ૭૩.૭૫ સ્કે. મીટર અને બાંધકામ વાળી જમીન, જે જમીનનો આર.એસ. નં. ૮૩૧, સી.એસ. નં. ૧૫૯૮, જે મોજે-ગોત્રી, રજીસ્ટ્રેશન જિ. વડોદરા, સબ જિ. વડોદરા ખાતે આવેલ મિલકત.

ચતુરસીમા : ● પુર્વે : ફ્લેટ નં. બી-૧૦૬ ● પશ્ચિમે : ફ્લેટ નં. બી-૧૦૮ ● ઉત્તરે : સોસાયટીનો રસ્તો ● દક્ષિણે : ફ્લેટ નં. બી-૧૧૦

(ડિમાન્ડ નોટીસ મુજબ તા. ૧૩.૦૧.૨૦૨૬ના ન્યુઝ પેપરમાં ગુજરાત મિત્ર (વડોદરા) અને ફાયનાન્સિલ એક્ષપ્રેસ (ઓલ ગુજરાત)માં પ્રસિધ્ધ થયેલ. સહી/-

તારીખ : ૧૭.૦૩.૨૦૨૬ અધિકૃત અધિકારી,

સ્થળ : વડોદરા (વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.) યુકો બેંક



SVC CO-OPERATIVE BANK LTD. (Multi-State Scheduled Bank) ESTD 1906

લીગલ અને રીકવરી ડીપાર્ટમેન્ટ : એસ.વી.સી. ટાવર, જવાહરલાલ નેહરૂ રોડ, વાકોલા, સાંતાક્રુઝ (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૫૫, ટેલિ. નં. ૭૧૯૯૯૯૭૫ / ૯૮૦ / ૯૮૩ / ૯૭૧ / ૯૨૮ / ૯૮૭. અમદાવાદ રીજનલ ઓફિસ : ગ્રાઉન્ડ ફ્લોર, પ્લેટીનિયમ પ્લાઝા, આઈઓસી પેટ્રોલ પંપની સામે, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦૦૫૪, ટેલિ. નં. ૦૭૯-૨૬૮૭૧૧૪૦/૪૨.

**વેચાણ માટે જાહેર સુચના**

"જયાં છે જેમ છે અને જે રીતે છે ની પરિસ્થિતીમાં" પર કોમર્શિયલ મિલકતોનું વેચાણ (સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ હેઠળ મેળવેલ મિલકત)

| ઉધારકર્તા / મોર્ગેજરનું નામ | તા. ૨૮.૦૨.૨૦૨૬ ના રોજ નું બાકી બેલેન્સ |
|---|---|
| (૧). મે. શ્યામ લિકિવડ ફૂડ પ્રોડકટ્સ (પ્રિન્સીપલ ઉધારકર્તા) પ્રોપ્રાઈટર : શ્રી ઘનશ્યામ વિઠ્ઠલભાઈ ગલાથીયા (તેમના કાયદેસરના વારસદારો દ્વારા મૃત્યુ પામ્યા હોવાથી), ઓફિસ બી/૩, ચારભુજા કોમ્પ્લેક્ષ, અંબાલાલ પાર્કની પાસે, કારેલીબાગ, વડોદરા - ૩૯૦૦૧૮ (૨). શ્રી ઘનશ્યામ વિઠ્ઠલભાઈ ગલાથીયા (મોર્ગેજર / જામીનદાર), (તેમના કાયદેસરના વારસદારો દ્વારા મૃત્યુ પામ્યા હોવાથી), (૨). (એ). કુમારી નયનાબેન જી. ગલાથીયા (પત્ની), (૨). (બી). શ્રી હેત જી. ગલાથીયા (પુત્ર) - તેમના કાયદેસર ના ગાર્ડીયન તરીકે, ૨(એ) અને ૨(બી) રહેણાંક : ઘર નં. ૫, રુતુ ડુપ્લેક્ષ, મેટ્રો હોસ્પિટલની પાસે, હરણી રોડ, વડોદરા - ૩૯૦૦૦૬. (૨). (સી). મંજુલાબેન વી ગલાથીયા (માતા), એ-૩૦૩, વૃંદાવન ફ્લેટ્સ, સોહમ બંગ્લોઝની સામે, વાસણા રોડ, વડોદરા - ૩૯૦૦૦૭.. (૩). શ્રી આનંદ જયંતિલાલ રાવલ (જામીનદાર), સાવિત્રી નિવાસ, શીતલ હોટલની સામે, પી.એન. જુનો હાઈવે, તાલેગાંવ, દાભાડે, પુણે - ૪૦૫૦૭. | રૂા. ૫,૮૬,૨૭૦.૪૦ (રૂા. પાંચ લાખ છયાસી હજાર બસ્સો સિત્તેર અને ચાલીસ પૈસા પુરા) તા. ૨૮.૦૨.૨૦૨૬ સુધીનું, તા. ૦૧.૦૩.૨૦૨૬ થી કરાર દરે ભાવિ વ્યાજ અને આકસ્મિક ખર્ચ, કોસ્ટ અને ચાર્જીસ વગેરે. |

| મિલકતનું સ્થાન અને વિગતો | અનામત કિંમત (રૂા. લાખમાં) | અર્નેસ્ટ મની ડીપોઝીટ (રૂા. લાખમાં) | નિરીક્ષણની તારીખ અને સમય | ટેન્ડર અને હરાજી ખોલવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| શ્રી ઘનશ્યામ વિઠ્ઠલભાઈ ગલાથીયા ના નામનો તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર મિલકતનો (રજીસ્ટર્ડ ક્રમ નં. બીઆરએ-૧, ૩૪૭૮/૨૦૦૯), દુકાન નં. ૪, સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૨૨૫ સ્કે. ફીટ., દુકાન નં. ૫ અને ૮, જેનું સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૩૦૦ સ્કે. ફીટ., દુકાન નં. ૬ અને ૭, જેનું સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૩૦૦ સ્કે. ફીટ., દુકાન નં. ૯, જેનું સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૨૬૫ સ્કે. ફીટ., જે સ્થિત અરીહંત સુપર માર્કેટ, લાલબાગ રેલ્વે ક્રોસીંગ, માંજલપુર રોડ, વડોદરા, બાંધકામ કરેલ જમીનનો આર.સી.એસ. નં. ૪૧૩ પૈકી, ટીપી સ્કીમ નં. ૧૮, એફપી નં. ૧૭ પૈકી, વોર્ડ નં. ૪, સીટી સર્વે નં. ૩૩૧૦ પૈકી થી ૩૧૧ થી ૩૩૧૭, વડોદરા કાસબા, ગુજરાત - ૩૯૦૦૧૧. | ૧૮,૫૦,૦૦૦/- | ૧,૮૫,૦૦૦/- | તા. ૨૭.૦૩.૨૦૨૬ અને તા. ૦૪.૦૪.૨૦૨૬ ------- સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી | તા. ૧૦.૦૪.૨૦૨૬ના બપોરે ૧૨.૩૦ વાગ્યે |

શરતો અને નિયમો :-

(૧). વેચાણ આ જાહેરાતમાં અને નિયત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ નિયમો અને શરતોને આધીન છે. ઉપરોકત મિલકતોની વધુ વિગતો અને ટેન્ડર ફોર્મ આવેલી શાખા ઓફિસમાંથી વડોદરા શાખા, ૧ - ૫, શ્રી કોમ્પ્લેક્ષ, શ્રેણીક પાર્ક ક્રોસ રોડ, પ્રોડકટીવીટી રોડ, અકોટા, વડોદરા - ૩૯૦૦૨૦ ખાતે થી મેળવી શકાય છે.

(૨). ઈચ્છુક બિડરોએ દરેક મિલકત માટે અલગ સીલબંધ ટેન્ડરો માત્ર નિયત ટેન્ડર ફોર્મમાં સબમિટ કરવા જોઈએ. સીલબંધ કવર ડિમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર સાથે રૂા. ૧,૦૦૦/- પ્રત્યેક બિન - રીફંડપાત્ર ટેન્ડર ફી અને "SVC Co-operative Bank Limited" ની તરફેણમાં, અનુસૂચીત બેંક પર ડ્રો કરાયેલ જંગમ અને સ્થાવર માટે ઓફરની રકમના ૧૦% અર્નેસ્ટ મની ડિપોઝીટ માટે અલગ ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર, વડોદરા શાખા, ૧ - ૫, શ્રી કોમ્પ્લેક્ષ, શ્રેણીક પાર્ક ક્રોસ રોડ, પ્રોડકટીવીટી રોડ, અકોટા, વડોદરા - ૩૯૦૦૨૦ ખાતે તા. ૦૯.૦૪.૨૦૨૬ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે અથવા તે પહેલા ટેન્ડર બોકસમાં જમા કરાવવાનું રહેશે.

(૩). વડોદરા શાખા, ૧ - ૫, શ્રી કોમ્પ્લેક્ષ, શ્રેણીક પાર્ક ક્રોસ રોડ, પ્રોડકટીવીટી રોડ, અકોટા, વડોદરા - ૩૯૦૦૨૦ ખાતે ઉપર આપેલા સમયપત્રક મુજબ ટેન્ડરો ખોલવામાં આવશે.

(૪). ઉધારકર્તાઓ, સંબંધિત ટેન્ડરર્સ, બાંયધરી આપનાર / સિકયોરીટીના માલિકો અથવા તેમના અધિકૃત પ્રતિનિધિઓ ટેન્ડર ખોલતી વખતે હાજર રહી શકે છે. બેંકના અધિકૃત અધિકારીને મિલકત માટે ઉચ્ચતમ વેચાણ મૂલ્ય પ્રાપ્ત કરવા માટે બિડર્સ વચ્ચે આંતર-સેલ બિડીંગ / વાટાઘાટોના સંબંધમાં નિર્ણય સહિત વેચાણની રીતમાં સંપૂર્ણ વિવેકબંધ રહેશે. તેથી તેઓને પોતાને અથવા તેમના યોગ્ય અધિકૃત પ્રતિનિધિઓ (દ્વારા) હાજર રહેવાની સલાહ આપવામાં આવે છે.

(૫). સફળ બિડરે ચુકવવાપાત્ર ચાર્જ / ફી જેમ કે સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી, આકસ્મિક ખર્ચ, ટી.ડી.એસ, પ્રોપર્ટી ડીલની રકમ ૧% લાગુ પડે. સફળ બિડર તમામ વૈધાનિક લેણાં, જો કોઈ હોય તો, તેમજ વિજળીના શુલ્ક, પાણીના શુલ્ક અને જાળવણી શુલ્ક જેવા બાકી રહેલા તમામ લેણાં અને પૂરી પાડવામાં આવતી અન્ય સેવાઓ માટે, જો કોઈ હોય તો તે પણ ચુકવશે. બેંક (સુરક્ષીત લેણદાર) વેચાણ માટે ઓફર કરવામાં આવેલી સુરક્ષીત અસ્કયામતો / સ્થાવર / જંગમ મિલકતોના સંદર્ભમાં કોઈપણ પરવાનગી / લાયસન્સ વગેરે મેળવવાની કોઈ જવાબદારી રહેશે નહીં.

(૬). બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા બધી ઓફરો સ્વીકારવા અથવા નકારવાનો અને જો બધી ઓફરો નકારી કાઢવામાં આવે તો, કોઈપણ ટેન્ડર / બિડર્સ સાથે વાટાઘાટો કરવા અથવા ટેન્ડરર્સ / બિડર્સ અથવા અન્ય પક્ષો / પક્ષકારોને કોઈપણ સાથે ખાનગી વાટાઘાટો દ્વારા મિલકતો વેચવાનો તેઓ અબાધિત અધિકાર રાખે છે.

(૭). સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ નિયમ ૬(૨) અને નિયમ ૮(૬) અનુસાર ઉધારકર્તા / જામીનદારો / મોર્ગેજરોને આથી નોટીસ આપવામાં આવે છે કે સિકયોર્ડ / ઉપરોકત અસ્કયામતો આ નોટીસ અનુસાર વેચવામાં આવશે. ડિમાન્ડ નોટીસ મુજબની બાકી રકમ સંપૂર્ણ રીતે ચૂકવવામાં આવી નથી.

(૮). અહીં ઉધારકર્તાઓ / જામીનદારો / મોર્ગેજરોનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં પેટા કલમ (૮) તથા કલમ ૧૩ સરફેસી એકટ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

(૯). નોંધ લેવું યોગ્ય છે કે તમામ છ એકમો એકબીજા સાથે જોડાયેલા / લિંક છે અને તે એક જ મિલકત તરીકે વેચવામાં આવશે.

(૧૦). મિલકતનું વેચાણ "જેમ છે ત્યાં છે" અને "જે છે જેમ છે" પર વેચાણ કરવામાં આવશે, ખરીદનાર લાગુ પડતી સ્ટેમ્પ ડયુટી / વધારાની સ્ટેમ્પ ડયુટી / રજીસ્ટ્રેશન ચાર્જ, ફી વગેરે તેમજ તમામ વૈધાનિક / બિન કાયદેસર લેણાં, કર, દર, આકારણી શુલ્ક, ફી વગેરે ખરીદનાર વ્યકિતએ ભોગવાનો રહેશે.

(૧૧). સંભવિત બિડસને સલાહ આપવામાં આવે છે કે તેઓ તેમની પોતાની પૂછપરછ કરવી અને બેંક પાસે રહેલા શીર્ષકના દસ્તાવેજો, મિલકતની માપણી અને શિડયુલ મિલકતના સંદર્ભમાં ચુકવવાપાત્ર કોઈપણ લેણાં / વેરા અંગે પોતાએ જાણી લેવા.

(૧૨). કર / જાળવણી / વિજળી / પાણી / અન્ય કોઈપણ બાકી લેણાં જો શિડયુલ મિલકતના સંદર્ભમાં ચુકવવાપાત્ર હોય તો તે સફળ બિડર દ્વારા વહન કરવાનો રહેશે.

(૧૩). એસવીસી કો. ઓપરેટીવ બેંક લિમિટેડ અગાઉ ધ શામરાવ કો - ઓપરેટીવ બેંક લિમિટેડ તરીકે ઓળખાતી ના અધિકૃત અધિકારીએ સરફેસી એકટના ૧૩(૪) હેઠળ નીચેની મિલકતનો કબજો લીધો છે.

(૧૪). વિવાદો, જો કોઈ હોય, તો તે માત્ર ગુજરાતની અદાલતોના અધિકારક્ષેત્રમાં રહેશે.

(૧૫). વેચાણની સૂચના અમારી વેબસાઈટ : https://www.svcbank.com/notice-sale જોઈ શકશે.

અમિત કનાડા

તારીખ : ૨૧.૦૩.૨૦૨૬ અધિકૃત અધિકારી અને મેનેજર

સ્થળ : વડોદરા એસ.વી.સી. કો. ઓપરેટીવ બેંક લી.



इंडियन बैंक Indian Bank इलाहाबाद ALLAHABAD

આજવા રોડ શાખા, ગ્રાઉન્ડ ફ્લોર, દેવકી ચેમ્બર્સ, મહાવીર હોલ ચાર રસ્તા પાસે, આજવા રોડ, વડોદરા - ૩૯૦૦૧૯.

**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી, અમો નીચે સહી કરનારા, સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ ઈંડિયન બેંક આજવા રોડ શાખા ના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ સાથે વાંચતા અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અતંર્ગત મળેલી સત્તાની રૂએ તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ શ્રી મલિક મોહમ્મદ યુસુફ અને શ્રીમતિ અફસાના બાનુ (કરજદાર અને મોર્ગેજર) ને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસ દર્શાવેલી રકમ રૂા.૨,૪૬,૪૩૦.૭૬ (રૂપિયા બે લાખ છેતાલીસ હજાર ચારસો ત્રીસ અને છોત્તેર પૈસા પુરા) જેની ઉપર તા.૩૦/૧૨/૨૦૨૫ થી મંજૂર કરેલ દર મુજબનું વ્યાજ, ભવિષ્યનું વ્યાજ અને અન્ય ચાર્જીસ અને સહિત સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર/જામીનદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદારો અને જામીનદારો અને જામીનદારો તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે ઉપરોકત એકટના સેકશન ૧૩(૪) રૂલ્સ ૮ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલ્કતનો કબજો તારીખ ૧૮/૦૩/૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદારો/જામીનદારો તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કતો ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેન્ક, આજવા રોડ માટે બાકી પડતી રકમ રૂા.૨,૪૬,૪૩૦.૭૬ (રૂપિયા બે લાખ છેતાલીસ હજાર ચારસો ત્રીસ અને છોત્તેર પૈસા પુરા) જેની ઉપર તા.૩૦/૧૨/૨૦૨૫ થી મંજૂર કરેલ દર મુજબનું વ્યાજ, ભવિષ્યના વ્યાજ/ અન્ય ચાર્જીસ સહિતની રકમના બોજાને આધિન રહેશે.

અહી કરજદારોનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતનું વર્ણન**

ફ્લેટ નં. ૩૦૬, ટાવર -બી, બુસરા રેસીડેન્સી, યાકુતપુરા, અજાપદી મીલ નજીક, વડોદરા, રેવન્યુ સર્વે નં.-૮૪૬, સી.એસ નં. ૨૪૬/૬, જિલ્લોઃ વડોદરા થી નોંધણી થયેલ. ચર્તુદિશાઃ પૂર્વેઃ કોમન પેસેજ, દાદર, પશ્ચિમેઃ જોડાયેલ મિલકત, ઉત્તરેઃ જોડાયેલ ફ્લેટ, દક્ષિણેઃ ટાવર-એ.

સ્થળ : વડોદરા અધિકૃત અધિકારી,

તારીખ : ૧૮/૦૩/૨૦૨૬ ઈંડિયન બેંક.



इंडियन बैंक Indian Bank इलाहाबाद ALLAHABAD

આજવા રોડ શાખા, ગ્રાઉન્ડ ફ્લોર, દેવકી ચેમ્બર્સ, મહાવીર હોલ ચાર રસ્તા પાસે, આજવા રોડ, વડોદરા - ૩૯૦૦૧૯.

**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી, અમો નીચે સહી કરનારા, સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ ઈંડિયન બેંક આજવા રોડ શાખા ના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ સાથે વાંચતા અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અતંર્ગત મળેલી સત્તાની રૂએ તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ મેસર્સ ઉમા કાર્ટિંગ, પ્રોપ્રાઈટરઃ શ્રી કાર્તિક કુમાર પટેલ (કરજદાર) અને શ્રી વિજય આઈ પટેલ (મોર્ગેજર અને જામીનદાર) ને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસ દર્શાવેલી રકમ રૂા.૯,૮૮,૯૯૦.૫૭ (રૂપિયા નવ લાખ ઈઠયાસી હજાર નવસો નેવુ અને સત્તાવન પૈસા પુરા) જેની ઉપર તા.૩૦/૧૨/૨૦૨૫ થી મંજૂર કરેલ દર મુજબનું વ્યાજ, ભવિષ્યનું વ્યાજ અને અન્ય ચાર્જીસ અને સહિત સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર/જામીનદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદારો અને જામીનદારો તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે ઉપરોકત એકટના સેકશન ૧૩(૪) રૂલ્સ ૮ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલ્કતનો કબજો તારીખ ૧૯/૦૩/૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદારો/જામીનદારો તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કતો ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેન્ક, આજવા રોડ માટે બાકી પડતી રકમ રૂા.૯,૮૮,૯૯૦.૫૭ (રૂપિયા નવ લાખ ઈઠયાસી હજાર નવસો નેવુ અને સત્તાવન પૈસા પુરા) જેની ઉપર તા.૩૦/૧૨/૨૦૨૫ થી મંજૂર કરેલ દર મુજબનું વ્યાજ, ભવિષ્યનું વ્યાજ અને તેની ઉપરના ભવિષ્યના વ્યાજ/ અન્ય ચાર્જીસ સહિતની રકમના બોજાને આધિન રહેશે.

અહી કરજદારોનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતનું વર્ણન**

મિલકત જેનો બ્લોક નં. સી-૫૦, લૌકેશ નગર-૨, ગોપાલ કિષ્ના કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ, આજવા રોડ વડોદરા, સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૬૧/પી અને ૨૨૭/૨, ગામઃ સયાજીપુરા, તાલુકો અને જિલ્લોઃ વડોદરા જે જિલ્લો અને સબ -જિલ્લોઃ વડોદરા થી નોંધણી થયેલ. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ રામદેવ નગર સોસાયટી, દક્ષિણેઃ રસ્તો, પૂર્વેઃ કોમન પ્લોટ અને મંદિર, પશ્ચિમે : બ્લોક નં. સી-૪૯.

સ્થળ : વડોદરા અધિકૃત અધિકારી,

તારીખ : ૧૯/૦૩/૨૦૨૬ ઈંડિયન બેંક.



**વડોદરા મહાનગરપાલિકા**

**પાણી અંગેની અગત્યની જાહેરાત**

આથી જાહેર જનતાને જણાવવાનુ કે, પાણી પુરવઠા શાખા હસ્તકની ગાયત્રીનગર પાણીની ટાંકી ખાતે ૪૫૦ મી.મી. વ્યાસની મુખ્ય ફીડર નળીકામાં ફ્લોમીટર બેસાડવાની કામગીરી તા. ૨૩/૦૩/૨૦૨૬ ના રોજ સવારના પાણી વિતરણ બાદ હાથ ધરવાનું આયોજન છે. જેથી ગાયત્રીનગર પાણીની ટાંકી ખાતેથી પાણી મેળવતા વિસ્તારોમાં તા.૨૩/૦૩/૨૦૨૬ ના રોજ સાંજના તમામ ઝોનમાં વીલંબથી, ઓછા દબાણથી તથા ઓછા સમય માટે પાણી વિતરણ કરી શકાશે. સદર બાબતની આ તમામ વિસ્તારના નાગરીકોએ નોંધ લેવા તેમજ જરૂરીયાત મુજબ પાણીનો સંગ્રહ કરી સાથ સહકાર આપવા નમ્ર વિનંતી છે.

પી.આર.ઓ નં : ૧૩૨૧ /૨૦૨૫-૨૬ કાર્યપાલક ઇજનેર (પા.પુ.)



**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**પાણી અંગેની અગત્યની જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકાના પાણી પુરવઠા શાખા દ્વારા કપુરાઈ ટાંકી ખાતે હયાત ૯૦૦ મી.મી. ડીલીવરી પાણીની નળીકા સાથે જોડાણની કામગીરી તા.૨૩.૦૩.૨૦૨૬ ને સોમવારના રોજ હાથ ધરવાની હોઇ કપુરાઈ ટાંકી પરથી પાણી મેળવતા વિસ્તારોમાં તા.૨૩.૦૩.૨૦૨૬ને સોમવારના રોજ સાંજનું પાણી વિતરણ કરવામાં આવશે નહી તથા તા.૨૪.૦૩.૨૦૨૬ મંગળવારના રોજ સવારનું પાણી વિતરણ નિયત સમય કરતા વિલંબથી, હળવા દબાણથી તેમજ ઓછા સમય માટે કરવામાં આવશે, આથી જાહેર જનતાએ નોંધ લેવા, જરૂરી પાણીનો જથ્થો સંગ્રહ કરવા તેમજ કામગીરીમાં સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ નં:૧૩૨૯/૨૦૨૬-૨૭ કાર્યપાલક ઇજનેર (પા.પુ.શાખા )



**વડોદરા મહાનગરપાલિકા** VSPF

www.vmc.gov.in

**જાહેર સુચના**

**માંજલપુર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ તથા સમા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં આવેલ દુકાનો પાંચ (૫) વર્ષની મુદતમાં માટે જાહેર હરાજી થી મેળવવાની અમુલ્ય તકમાં અરજીપત્ર સ્વીકારવાની સમય મર્યાદા લંબાવવા બાબત.**

વડોદરા મહાનગરપાલિકા હસ્તકના માંજલપુર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ તથા સમા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં આવેલ દુકાનો જાહેર હરાજીથી વાર્ષિક વાપર ઉપયોગ ફી નક્કી કરી પાંચ(૫) વર્ષની મુદ્દત માટે ફાળવણી કરવાની હોઈ, રસ ધરાવતી વ્યકિતઓ/સંસ્થાઓ પાસેથી નિયત અરજીપત્રકમાં અરજીઓ મંગાવવામાં માટે પી.આર.ઓ. નંબર-૧૨૨૨/૨૫-૨૬ થી જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ. જેના અરજીપત્રકો સ્વીકારવાની સમયમર્યાદા વધુ ૧૫ દિવસ એટલે કે તા:૨૭/૦૩/૨૦૨૬ સુધી લંબાવવામાં આવે છે. પી.આર.ઓ. નંબર-૧૨૨૨/૨૫-૨૬ની અન્ય વિગતો યથાવત રહેશે.

પી.આર.ઓ. નં.૧૩૨૦/૨૫-૨૬. આસી.મ્યુનિ.કમિશનર(L&E)/CEO(VSPF)